વડીલોને વંદન અભિનંદન

જયંત જી. ભટ્ટ
(૧૯૩૫) ફોન : ૨૩૨૨૧૮૮૮



રમણલાલ પી. પંચાલ
(૧૯૪૯) મો.૯૮૯૮૬૮૯૩૮૯

વિકાસના કાર્યોની સુવાસ લોકો સુધી પહોંચાડવા માટે અનુરોધ

સરકાર મહાનગરપાલિકાઓ તેમજ નગરપાલિકાઓને હજારો કરોડ રૂપિયાની સહાય દર વર્ષે કરે છે : આનંદીબેન

અમદાવાદ, તા.૮

આજ રોજ શહેર પ્રમુખ રાકેશભાઈ શાહની અધ્યક્ષતામાં ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે કર્ણાવતી મહાનગરની શહેર કારોબારી મળી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સૌને ઉદબોધનકરતા મહેસુલમંત્રી અને શહેર પ્રભારી આનંદીબેન પટેલે રાજ્ય સરકાર દ્વારા વિવિધક્ષેત્રે થયેલા વિકાસનાં કાર્યોની સુવાસને જનજન સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો. દેશમાં જવલ્લે જ બીજા રાજ્યોમાં જોવા મળે. તેના કરતાં, બિલકુલ વિપરીત રીતે ગુજરાત રાજ્યની સરકારે વર્ષ ૨૦૦૪-૦૫થી અત્યાર સુધી રાજ્યની મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓને વિકાસ કાર્યો માટે હજારો કરોડો રૂપિયાની સહાય દર વર્ષે કરતી આવી છે તે આપણા સૌને માટે ગૌરવપ્રદ બાબત છે તેમ તેમણે જણાવ્યું હતુ. તાજેતરમાં જ રાજ્ય સરકારે વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે મંજુર કરેલા ૧૫૦૦ કરોડ રૂપિયા અને વિકાસના અન્ય વિવિધ કાર્યો માટે મંજુર કરેલાવધારાના૫૦૦ કરોડ રૂપિયા અંગે તેમણે સૌ ઉપસ્થિત સભ્યોને માહિતગાર કરેલા. ભાજપ સરકારનાંઆ કાર્યોની સુવાસ નાનામાં નાના છેવાડાનાં માનવી સુધી પહોંચે તે જોવાની આપણી વિશેષ જવાબદારી હોવાનું તેમણે જણાવ્યુંહતુ. પ્રદેશ ઉપપ્રમુખ, પ્રવક્તા અનેશહેર સંગઠનનાં પ્રભારી શ્રી આઈકે જાહેજાએ છેલ્લા દસ વર્ષમાં કેન્દ્રની યુપીએ સરકાર જે રીતે તમામ મોરચે નિષ્ફળ રહી છે, તેની વિશદ છણાવટ કરતાં જણાવ્યું હતુ કે આજે સામાન્ય માનવી કારમી મોંઘવારી અને કેન્દ્રની યુપીએ સરકારનાં ભ્રષ્ટ શાસનની નીતિરીતિથી બેહદત્રાસ પામેલા છે. જ્યારે બીજી બાજુ છેલ્લા દસ વર્ષથી માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈના ગુજરાતના સુશાસનની ચર્ચા દેશનાં ખૂણે ખૂણે છે. દેશનો પ્રત્યેક નાગરિક અને ખાસ કરીને યુવાપેઢીમાં નરેન્દ્રભાઈની એક આગવી ઓળખ ઉભી થઈ છે. પ્રત્યેક કાર્યકર્તાએ ભાજપની રાજ્યસરકારની તથા સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશનનાં વિકાસ કાર્યોની ઝીણામાં ઝીણી વિગતો પ્રત્યેક બુથ અને પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચે તે જોવાની આપણા સૌની જવાબદારી હોવાનું તેમણે જણાવ્યું હતુ. પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ આ પ્રસંગે પ્રેરક ઉદબોધન કરતાં, પ્રત્યેક કાર્યકર્તાને કર્તવ્ય અનેકર્તુત્વની ઉત્કૃષ્ટ ભાવના કેળવવાનો અનુરોધ કર્યો હતો.

ગાંધીનગર જૈન તપસ્વીઓની ઉપવાસ આરાધના

સાર્વજનિક ગણેશોત્સવમાં મુસ્લિમ બિરાદરો દ્વારા સ્વાગત કરવામાં આવશે

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨ રંગમંચ ખાતે સાર્વજનિક ગણેશ ઉત્સવ નિમિત્તે તા. ૯ સપ્ટેમ્બરને સોમવારના રોજ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલ દ્વારા મંગલ દીપ પ્રગટાવી ગણેશોત્સવનો શુભારંભ કરાવશે. બાદમાં ગાંધીનગર મુસ્લિમ સમાજ દ્વારા ગણેશજીની મૂર્તિને ફુલહારથી સ્વાગત કરવામાં આવશે. મહા આરતીમાં મુસ્લિમ બિરાદરો હાજર રહીને કોમી એકતાના દર્શન કરાવશે. તેમજ અનવરભાઈ જુનેજા, હુસેનભાઈ મનસુરી, દરિયાખાન સિપાઈ, આઝાદભાઈ મનસુરી સહિત બાબુભાઈ મનસુરી ઉપસ્થિત રહીને શોભાયાત્રાનું સ્વાગત કરાશે.

નૃત્યશ્રી કલા વૃન્દ દ્વારા ગણેશજીની સ્થાપના કરવામાં આવશે

નૃત્યશ્રી કલા વૃન્દ સંસ્થા દ્વારા નૃત્ય મંચમાં પ્રથમ વખત ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવશે. ગણપતિ દાદાને આવકારવા તમામ કલાકારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર શહેરના સેકટર-૨૭ પ્લોટ નં. ૫૧૫ ગાયત્રીનગર નૃત્યશ્રી કલા વૃન્દ ખાતે 'માનતાના રાજા' નામે સ્થાપના તા. ૯ સપ્ટેમ્બર સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે કરવામાં આવશે અને તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ બપોરે વિસર્જન કરવામાં આવશે.

ગાંધીનગરના પુર્વીબેન રસાણીયા આજે ઈ-ટીવી પર પોતાની રેસીપી રજુ કરશે

હોમમેડ ચોકલેટસ અને કેકમાં માસ્ટર પૂર્વીબેને જાણીતા શેફ સંજીવ કપુર સમક્ષ પણ રેસીપી રજુ કરી હતી

ગાંધીનગર, તા.૮

વિવિધ ચેનલો પરથી ચોકકસ સમયે રજુ થતા રેસીપી પ્રોગ્રામ ઘણી ગૃહિણીઓ અચુક જુએ છે અને તેના પરથી પ્રેરણા લઈ અવનવી વાનગીઓ પર હાથ અજમાવે છે. અવનવી વાનગીઓના સંશોધનમાં માહિર પૂર્વીબેન રસાણીયા આવતીકાલે તા. ૯મી સપ્ટેમ્બરના રોજ 'ફલેવર્સ ઓફ ગુજરાત' કાર્યક્રમમાં પોતાની વાનગી રજુ કરશે.

મુળ મુંબઈના અને છેલ્લા ઘણા વર્ષોથી ગાંધીનગર સ્થાયી થયેલા પૂર્વીબેનને અવનવી વાનગીઓ બનાવવાનો ખુબ શોખ છે. 'ફુડ ફુડ' ચેનલ પર તેઓએ જાણીતા શેફ સંજીવ કપુર સમક્ષ પ્રાપ્ત કરેલ પૂર્વીબેન છેલ્લા ઘણા

'સિક્રેટ રેસીપી' કાર્યક્રમ દરમિયાન હોમ મેડ કેક બનાવી હતી જે દર્શકોને ખુબ પસંદ પડી હતી. હોટલ મેનેજમેન્ટની ડીગ્રી વર્ષોથી સ્વીટ મેમોરીઝના નામથી હોમ મેડ કેકસ, ચોકલેટસ અને આઈસ્ક્રીમનો બિઝનેસ કરે છે તેઓ ઓર્ડર મુજબ ગ્રાહકોને કેમીકલ ફ્રી એકદમ ધ્યોર વેજ કેક અને આઈસક્રીમ બનાવી આપે છે. ચોકલેટ અને ફ્રુટ ફલેવરમાં વિવિધ કેક બનાવવી તે તેમની માસ્ટરી છે. ધ્યોર અને હેલ્થી કેકના આગ્રહી ઘણા ગ્રાહકો નિયમિત રીતે પૂર્વીબેન પાસે કેક, ચોકલેટસ અને આઈસક્રીમ બનાવડાવે છે આ ઉપરાંત સેકટર-૮ના તેમના નિવાસસ્થાને તેઓ મહિલાઓને ચોકલેટસ, આઈસક્રીમ અને કેક બનાવતા પણ શીખવે છે. તેમનું નવું સંશોધન શુગરપેસ્ટ કેકની પણ ગાંધીનગરમાં ખુબ માંગ છે.

ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા સેવા કેન્દ્રનું આયોજન

ગાંધીનગર, તા.૮

જગત જની માં અંબાના દર્શનાર્થે જતા ભાવિક ભકતોની સેવા હેતુ પદયાત્રીઓની સેવાના ઉમદા આશયથી ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગર દ્વારા માઈ ભકતોની સેવા કરવા કાજે સેવા કેન્દ્રનું તારીખ ૯ સપ્ટેમ્બરથી ૧૪ સપ્ટેમ્બર સુધીનું આયોજન કરવામાં આવેલ છે. જે શાહપુર ચાર રસ્તાથી ચ-૦ વચ્ચે ઈન્ફોસીટી બસ સ્ટેન્ડ પાસે રાખવામાં આવેલ છે. પદયાત્રા કેન્દ્રનો શુભારંભ તારીખ ૯મીના રોજ સાંજે ૫ કલાકે સત્યનારાયણ ભગવાનની કથા દ્વારા કરવામાં આવનાર છે. આ પ્રસંગેપાર્ટીના પદાધિકારીઓ તમામ મોરચાના વોર્ડના પ્રમુખ-મહામંત્રીઓ, કોર્પોરેટરો તથા સર્વે કાર્યકર્તાઓને સેવા કેન્દ્ર ખાતે હાજર રહેવા માટે ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ નિતિનભાઈ પટેલ દ્વારા જણાવાયું છે.

આનંદનો ગરબો

શહેરના ઓમકારેશ્વર મહાદેવ મંદિર સેક્ટર-૪ ખાતે ગણેશ મહોત્સવની ઉજવણી નિમિત્તે તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ થી ૧૧ કલાકે ભાવનાબેન ગોકલાણીના સ્વરે આનંદનો ગરબો ગવાશે. તો સર્વે ભાવિ ભક્તોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ક્રોધ એ નરકનું દ્વાર છે, તો ક્ષમા એ સ્વર્ગની સીડી છે

પર્યુષણ પર્વ
આઠમો દિવસ

ભારત દેશ ઉત્સવોનો ભંડાર છે. એમાંય શ્રાવણ મહિનામાં પર્વોની પરંપરા ચાલે છે. જન્માષ્ટમીનું પર્વ પુરું થતાં જ જૈનોના પર્વાધિરાજ પર્યુષણ પર્વનો પ્રારંભ થતો હોય છે. આઠ દિવસના પર્વમાં સંવત્સરીનું પર્વ શિરમોર છે. સંસારનું સર્જન વેરની પરંપરાઓથી થયુ છે. સંસારનું વિસર્જન વેરના વળામણાથી થાય છે. અવેરની આરાધના બિજા કોઈ પણ ધર્મમાં જૈન ધર્મ જેટલી સુંદર રીતે થતી નથી. સર્વે પ્રકારના વેરના વિસર્જનનું આવું પર્વ કોઈ ધર્મમાં નથી.

જયાં વેરભાવ છે ત્યાં આરાધના નથી. જયાં વેરભાવ નથી ત્યાં આરાધના સુંદર રીતે થઈ શકે છે. આ આરાધના ઉપર બીજી બધી આરાધનાઓ આધારિત છે. ઝઘડા કરો, વેર રાખો અને પછી આરાધના કરો તેમાં કોઈ ભલીવાર આવે નહીં એક પણ વ્યકિતની સાથે વેરભાવની ગાંઠ રહેલી હોય ત્યારે મનની પ્રસન્નતા રહેતી નથી. જેમ શેરડીનાં સાંઠાની ગાંઠના ભાગમાં રસ હોતો નથી તેમ વેરની ગાંઠને કારણે જીવન નિરસ બની રહે છે. તમામ ગાંઠોનું વિસર્જન થયા બાદ ખુબ આનંદ અનુભવાય છે.

ક્ષમાપનાના ત્રણ પ્રકાર છે. ક્ષમાપના માગવી ક્ષમાપના આપવી અને આત્મા સાથે ક્ષમાપના કરવી. ક્ષમા કરવી તે ખુબ દુષ્કર છે. પચાસ લાખની પેઢી જમાવવી સહેલી છે, પણ પચાસ માણસોના હૃદયમાં સ્થાન જમાવવું મુશ્કેલ છે તે મુશ્કેલીને દુર કરવાનું કામ આ ક્ષમાપના કરે છે. સંવત્સરી એ પર્યુષણ પર્વનો પ્રાણ છે. શિરતાજ છે. હૈયામાં અદાવતનો ભાવ હોય તો જ અદાલતનાં પગથિયાં ચડાય. અદાલતનાં ન્યાય એક ઘરે અજવાળું કરશે તો બીજા ઘરે કરશે અંધારું! ક્ષમાપનાની તીવ્ર તાકાત છે કે, અદાલતના પગથિયા ચડવાની કંઈ જ જરુર નથી એ કહે છે કે તમે મારું સેવન કરો હું તો બેય ઘરે મૈત્રીનો માંડવો બાંધી આપીશ.

ઉકળતાં પાણીમાં જેમ પ્રતિબિંબ ન દેખાય તેમ ક્રોધી માણસ પોતાનું હિત શેમાં છે તે જોઈ શકતો નથી. ક્રોધ એ નરકનું દ્વાર છે તો ક્ષમા એ સ્વર્ગની સીડી છે. ક્રોધ કરવો એ મોહની આસ્થા છે તો ક્ષમા રાખવી એ પ્રભુની આશા છે. માફી આપવી સહેલી છે પણ સામેવાળાની ભુલને ભુલી જવી મુશ્કેલ છે. પ્રભુ વીર આગની સામે પાણી બનીને વરસ્યા હતા. આપણે ફાયરિંગનું કામ કરવાનું નથી પણ 'ફાયરબ્રિગેડ'નું કામ કરવાનું છે સામી વ્યકિતના દિલને સુધારવું ભલે આપણા હાથમાં નથી પણ આપણા દિલને ક્ષમાથી તરબતર બનાવવું આપણા હાથમાં છે. દિવાળી આવે ને વેપારી વર્ગ આખા વર્ષનું સરવૈયું માંડે તેમ પ્રત્યેક જૈનોએ સંવત્સરીના મંગળમય દિવસે એકાંતમાં બેસીને જીવનના ચોપડા તપાસીને સરવૈયું માંડવાનો આ દિવસ છે.

આજના દિવસે વિદાય થઈ રહેલા પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વને ઝુકી ઝુકીને નમસ્કાર કરીએ. નિષ્કારણ ઉપકારોની હેલી વરસાવી રહેલા અનંત તીર્થંકર પરમાત્માઓની કૃપાના પાત્ર બનીએ. કર્મોના કારણે કયારેક ક્રોધાદિ કષાયોના ભોગ બની ગયા હોઈએ તો તુરંત 'મિચ્છામિ દુક્કડં' માગીને હૈયાને હળવું ફુલ બનાવી દઈએ અને એ દ્વારા મળેલા માનવજીવને સાચા અર્થમાં સફળ બનાવીએ.

આત્મન ફાઉન્ડેશન તેમજ ઓમકાર ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક ટયુશન કલાસ શરૂ થશે

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરની સામાજીક સંસ્થા આત્મન ફાઉન્ડેશન અને ઓમકાર ટ્રસ્ટનાં સંયુકત પ્રયાસથી ગાંધીનગરની કોઈ પણ સરકારી શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતા વિદ્યાર્થીના વાલીની આવક રૂપિયા ૧ લાખથી ઓછી હોય તેવા કુટુંબના વિદ્યાર્થીઓ માટે ટુંક સમયમાં નિઃશુલ્ક ટયુશન કલાસ શરુ કરવામાં આવશે. તેમાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ફોન નંબર ૮૫૧૧૧૦૬૧૩૫ અથવા ૯૯૭૯૮૬૩૧૫૩ ઉપર સંપર્ક કરવા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી દ્વારા જણાવાયું છે.

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળાનું આયોજન

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા ૧૮માંજીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના તમામ જિલ્લાના ગોળ પરગણાના વણકર ભાઈ-બહેનો ભાગ લઈ શકે છે.

ગુજરાત વણકર સેવા સમાજ દ્વારા દર વર્ષેજીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવે છે. ૧૮માં જીવનસાથી પસંદગી મેળાની નોંધણીની કામગીરી શરુ કરી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લાના યુવક-યુવતિ પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છુક હોય તેમણે ગુજરાત વણકર સમાજના સભ્ય નરોત્તમભાઈ પરમાર, ચંપાબેન, કાંતાબેન ડોડીયા, ત્રિભોવનભાઈ પરમાર, સહિત દશરથભાઈ એમ. પરમાર પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર-૭-બી ગાંધીનગર ખાતે સંપર્ક કરવો તેમજ તા. ૧૪ સપ્ટેમ્બર સુધીમાં અરજીપત્રકો જરુરી વિગતો સાથેભરી મોકલી આપવા ડી.એમ. પરમારે જણાવ્યુ છે.

ડભોડા હનુમાન મંદિરે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો

ચિલોડા, તા. ૮

ગાંધીનગર તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડભોડિયા હનુમાન મંદિર ખાતે વરદાયિની ખાદી ગ્રામોદ્યોગ સંઘ તથા ગાંધીનગર સિવિલના ઉપકમે શનિવારના રોજ સવારે ૯ થી ૪ દરમિયાન એક મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૩ તબીબ તથા ૨ નર્સો, તથા ટેકનીશીયન સ્ટાફ દ્વારા દર શનિવારે મંદિરે આવતા દાદાના ભાવિક ભક્તોજનો દર્શનથી તથા ગ્રામજનોને બ્લડપ્રેશર, ડાયાબીટસ, જેવા દર્દોનું ચેકઅપ કરી આપવામાં આવ્યું હતું.

આરોપી ઝડપાયો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

લાગતા પોલીસ ઘાંઘી થઈ હતી પરંતુ બે દિવસ પહેલા ગાંધીનગર એલ.સી.બી. પોલીસને આરોપીનું પગેરું મળતા પોલીસ સાપુતારાથી ૪૨ કિ.મી. અંતરે આવેલ કૃષ્ણગાવ પહોંચી હતી અને વોંચ ગોઠવી હતી. દરમિયાન આરોપી આમીન મન્સુરી બાઈક લઈ એક વાઈનશોંપ પર આવ્યો હતો. પરંતુ પોલીસ પર શક જતાં બાઈક મુકી જંગલમાં નાસી છૂટ્યો હતો. પોલીસે પણ જંગલમાં પીછો કરી પકડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે હાથમાં ન આવ્યો હતો. બાદમાં શિરડી હાઈ-વે પર આવી આરોપીએ એક બાઈક ચાલકને પોતાના પાસે રહેલી પોઈન્ટ ૭.૬ એમ.એમ.ની પિસ્તોલ બતાવી બાઈક પડાવી ભાગી છૂટ્યો હતો. આ દરમિયાન ગાંધીનગર એલ.સી.બી. પોલીસે નજીકના પોલીસ મથકમાં જાણ કરી નાકાબંધી કરાવી હતી અને ભારે જહેમતના અંતે વાણી પોલીસની મદદથી નાકાબંધીમાં આરોપીને પકડી પાડ્યો હતો. આ આરોપી આમીને શિરડી અને નાસિક વિસ્તારમાં પણ પાંચ જેટલી ઘરફોડ ચોરી કરી હતી. વધુ તેના ઘરે કૃષ્ણગાવમાં વાણી પોલીસે તપાસ કરતાં ચાર લેપટોપ અને તૂટેલા તાળા મળી આવ્યા હતા. પોલીસે આ તમામ મુદ્દામાલ સાથેઆરોપીને ઝડપી પાડ્યો હતો અને તેના વિરુદ્ધ બાઈક ચોરી, ઘરફોડ ચોરી અને હથિયાર રાખવાના ગુનાસર આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર એલ.સી.બી. પોલીસે આ આરોપીને ટ્રાન્સફર વૉરંટના આધારે ગાંધીનગર લાવવા તજવીજ હાથ ધરી છે. આખરે ગાંધીનગર એલ.સી.બી. પોલીસે ૩ વર્ષ જુના કેસમાં સફળતા પ્રાપ્ત કરી સમગ્ર ઓપરેશન પાર પાડ્યું છે.

શબ્દાવલી - ૫૧૭૧



આડી ચાવી

૧. લોકીટ, બાજુ (૪)
૩. અંત, ... લાવવો (૩)
૫. ... કાળુડો નાગ રાણીપીંગળા... (૪) (ડંસ મારવો)
૭. બનાવટી, ગોઠવી કાઢેલ (૬)
૧૧. 'લાનત' શબ્દ આડોઅવળો (૩)
૧૨. .... કરવું, કાપવું (૨)
૧૩. ખુબ કરવા ધોવા, કપડાંનો... કાઢવો (૨)
૧૫. મીઠું (૩)
૧૬. એક મિઠાઈ (૩)
૧૭. રાજાઓનું વાહન (૨)
૧૯. બદનામી, કાળીટીલી (૩)

ઊભી ચાવી

૧. સૂક્ષ્મ, ઝીણુ (૩)
૨. તુમ દિલ કી... મેં રહતે હો... (૪)
૩. નીતિ, દાનત (૩)
૪. લતા (૨)
૬. શિલ્પકાર (૨)
૮. પોલુ, ... હોવું (૩)
૯. ટુટેવ, આદત (૨)
૧૦. સૈન્ય, સેના (૩)
૧૨. ઝીણો તાવ (૪)
૧૩. ગોલમાલ, કાઢમેલ (૪)
૧૪. કર્મ નહિ કરનારૂં (૪)
૧૫. જહન્નન (૩)
૧૮. દુકાનનો ગલ્લો, પૈસાનો હિસાબ રખાય તે જગ્યા (૨)

શબ્દાવલી ૫૧૭૦ના જવાબ

આડી ચાવી :- (૧) ખબરદાર (૫) રજા (૬) ખજાનો (૭) કાનન (૯) ડર (૧૦) સાસરવેલ (૧૨) વગ (૧૩) જબાન (૧૫) ડંકો (૧૬) જીરાફ (૧૮) ગાન (૧૯) ગવન (૨૦) તાગ (૨૧) રન (૨૨) વતરણા

ઊભી ચાવી :- (૧) ખખડધજ (૨) બજાર (૩) રનો (૪) રકાસ (૫) રનવે (૮) નર (૧૦) સાગ (૧૧) લવલીન (૧૨) વનરાવન (૧૪) બાજીગર (૧૭) ફન (૧૮) ગાગર (૨૦) તાત

Gujarat State Petronet Limited
THE ENERGY LIFELINE OF GUJARAT
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar - 382 010

NOTICE

Notice is hereby given pursuant to the provisions of Section 154 of the Companies Act, 1956, that the Register of Members and Transfer Books of the Company shall remain closed from Saturday, 21st September, 2013 to Friday, 27th September, 2013 (both days inclusive) for the purpose of payment of dividend. The dividend, if declared at the ensuing Annual General Meeting, shall be paid, on Friday, 4th October, 2013 to those members of the Company whose names appear (a) as beneficial owners as at the close of business hours on 20th September, 2013 as per the list to be furnished by the depositories in respect of the shares held in electronic form; and (b) as members in the Register of Members of the Company as on 21st September, 2013 after giving effect to all valid share transfer in physical form received on or before 20th September, 2013.

All transfer deeds, requests for change of address, bank particulars/mandates/NECS mandates, PAN should be lodged with the Company's Registrar and Share Transfer Agent, M/s Karvy Computershare Private Limited, Plot No. 17-24, Vittal Rao Nagar, Madhapur, Hyderabad - 500 081, in case of shares held in physical form on or before 20th September, 2013. The above details in respect of the shares held in electronic form should be sent to the respective Depository Participants by the members well in time.

By order of the Board of Directors,
Place: Gandhinagar sd/-
Date: 7th September, 2013 Managing Director

Gujarat State Petronet Limited
THE ENERGY LIFELINE OF GUJARAT
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar - 382 010

NOTICE

Notice is hereby given that the 15th Annual General Meeting of the members of Gujarat State Petronet Limited will be held on Friday, the 27th September, 2013 at 3.00 p.m. at Assembly Hall, GSPC Bhavan, Behind Udyog Bhavan, Gandhinagar - 382 010.

Notice of the meeting setting out the business to be transacted thereat together with the Balance Sheet as at 31st March, 2013 and Profit & Loss Account for the year ended on that date, including the Schedules thereto, and Reports of the Board of Directors and Auditors thereon have been sent through E - Mail to the members who have registered their E-Mail IDs with the Depositories/R&TA/Company and through post to the members who have not registered their E - Mail IDs/who have specifically requested for a physical copy.

Please note that these documents will also be available under the "Investors" Section on the Company's website www.gujpetronet.com and at the Registered Office of the Company for inspection during office hours.

Any person who becomes a member of the Company after posting of the Annual Report but before the meeting can attend the meeting in person or appoint a proxy and send a requisition for a copy of the Annual Report and Notice convening the meeting.

A member entitled to attend and vote at the meeting is entitled to appoint a proxy to attend and vote instead of himself and the proxy need not be a member of the Company. The instrument appointing proxy to be valid should be deposited at the Registered Office of the Company not later than 48 hours before the commencement of the meeting.

By order of the Board of Directors,
Place: Gandhinagar sd/-
Date: 7th September, 2013 Managing Director

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ